
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

APRIL 2005



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



રાણીપ મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

સાપાવાડા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ▼





ાંકરિયા મંદિરમાં શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ
ાભિષેક પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે



કાંકરિયા મંદિરમાં શહેર ચોર્યાસી પ્રસંગે પ્રસાદલેતા ભૂદેવો અને હરિભક્તો

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ એપ્રિલ- ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેશમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩

૩. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતમુર્હૂત સમારોહ ૫

૪. આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી ૯

૫. "સ્વશ્લઘા સ્વ મુખેન ચ।" ૧૦

૬. તીર્થ ભૂમિ હાલાર ૧૧

૭. સત્સંગ સુરભિ : ભગવાન ભજવાને વળી સવાદ શા ? ૧૩

૮. કળીકાળમાં પરચા પૂરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૫

૯. આગ્રહ વગરનો અનોખો સંકલ્પ ૧૬

૧૦. અમૃતનું આચમન ૧૯

૧૧. સત્સંગ બાલવાટિકા ૨૦

(૧) આ તે કેવી કસોટી !

(૨) દંભ ક્યાં સુધી ચાલે ?

૧૨. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૨

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

અનંત જીવોને ભવસાગરમાંથી ઉદ્ધારવા માટે પૃથ્વી ઉપર પરમાત્માનું અવતરણ થાય છે. જ્યારે પરમાત્મા મનુષ્ય સ્વરૂપે આ પૃથ્વી ઉપર વિચરણ કરતા હોય ત્યારે ભાગવત ધર્મનું સ્થાપન કરે છે. અને સ્વયં તે તે ધર્મની મર્યાદાનું પાલન કરીને જગતના જીવો પાસે ધર્મ મર્યાદાનું પાલન કરાવે છે. મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામનું પ્રાકટ્ય અને પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય ચૈત્ર સુદ નવમીના પવિત્ર દિવસે જ થયેલ છે. તે પણ એક અસાધારણ્ય ઘટના છે. મર્યાદાપૂર્વક ભાગવત્ ધર્મ અને સમાજ ધર્મનું સ્થાન કરવા માટે જ આવી દિવ્ય ઘટનાઓથી આપણા માનસ પટ ઉપર અમીટ સંસ્કાર પડે છે. એટલા માટે જ આપણા હિન્દુ ધર્મમાં માણસના જીવનના સોળ સંસ્કારોનું અતિ મહત્વ વર્ણવેલ છે. જેમાં મુખ્ય મુખ્ય સંસ્કારોને આપણે સારી રીતે કરીએ છીએ. ચૌલ સંસ્કાર, ઉપનયન સંસ્કાર, લગ્ન સંસ્કાર વિગેરેનું જીવનમાં અને સમાજમાં જે અતિ મહત્વ છે તેમાં ખાસ વૈજ્ઞાનિક મહત્વ સમાયેલ છે. જેમકે ઉપનયન એટલે જનોઈ ધારણ વિધિ. વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક કરવામાં આવેલ આ વિધિથી મનુષ્યના મસ્તિષ્કમાં સાત્વિકતા સભર જ્ઞાનનો ઉદય થાય છે. સાત્વિક જ્ઞાન જ જીવને પરમેશ્વરના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. અને તે દ્વારા જ જીવને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરમેશ્વરનું અવતરણ પણ જીવને મોક્ષ આપવા માટે જ છે. આ મહાન લક્ષ્યમાંથી ક્યારેય જીવ વિચલિત ન થાય તે મનુષ્ય જીવનની સાર્થકતા છે. આપણા સૌનું લક્ષ પણ મોક્ષ પ્રાપ્તિ માટે જ છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(માર્ચ – ૨૦૦૫)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.
પ.ભ. બળદેવભાઈ પટેલ (ઈટાદરાવાળા)ને ત્યાં પધરામણી, નવા વાડજ.

૨. સિંગાલી (તા. કપડવંજ) ગામે મંદિરમાં શ્રી હનુમાનજી ગણપતીજીની આરતી ઉતારવા પધાર્યા.

૩. નારાયણપુરા (તા. કડી) મંદિરના પાટોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી.

૪. ધરમપુર (તા. કડી) ગામે પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત પારાયણ અને જપયજ્ઞ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (સૂચિત) ખાતવિધિ પ્રસંગે પધરામણી.

૯. બાલવા ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૧૧-૧૨. ચરાડવા મંદિરમાં અને ભૂજ મંદિરમાં પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૧૩. શ્રી સર્વોપરિ શ્રીનરનારાયણદેવનો ૧૮૩મો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો. અને સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી.
પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ હસ્તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ખાત મુહૂર્ત ધામધુમથી સંપન્ન થયું.

૧૪. સાપાવાડા (તા. ઈડર) મંદિરમાં પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો. બ્રાહ્મણોની શહેર ચોર્યાસી પ્રસંગે કાંકરિયા મંદિર દર્શન-આશીર્વાદ આપવા પધાર્યા.

૧૬. ખાણ મંદિર પાટોત્સવ પ્રસંગે જતા મહેસાણા ગામે જે. લલ્લુભાઈ એન્ડ સન્સમાં પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજ.) પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતીજ મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૦. રાણીપ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ભરતભાઈ ખોડીદાસ પટેલને ત્યાં પધરામણી રાણીપ.

૨૧. પ.ભ. પ્રબોધભાઈ છગનલાલ ઝાલાને ત્યાં પધરામણી ગાંધી રોડ.
સાંજે જીરાગઢ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (હાલાર મૂળીદેશ)માં પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે કર્યો.

૨૩. પ.ભ. પરસોત્તમભાઈ હરજીભાઈ શિંગાળાને ત્યાં પધરામણી, બાપુનગર.

૨૪-૨૫. સુખપર (કચ્છ) ફુલદોલોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. થી ૪ એપ્રિલ અમેરિકા સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.



– ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી–બાપુનગર)

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શહેર અને ગામોગામ હરિભક્તોના ઘેરોઘેર પધરામણી કરી, તેમજ પ.પૂ. વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી પણ તે રાહે જ વિચરણ કરી રહ્યા છે. શા માટે ? કારણ એક જ છે કે તેઓશ્રીને વધારેમાં વધારે સંખ્યામાં હરિભક્તોને સુખ આપવું છે. વધારેમાં વધારે જીવાત્માઓનું કલ્યાણ કરવું છે. કારણ કે સ.ગુ. વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીની કલમે લખાયેલા શ્રીજી મહારાજના ધર્મવંશી આચાર્યશ્રી પરત્વેના બોલાયેલા શબ્દો છે.

તમને માનશે પૂજશે જેહ રે,
મોટા સુખને પામશે તેહ રે ॥૧૨॥
અન્ન ધન આપશે અંબર રે,
પશુ વાહનને વળી ઘર રે ॥
ફળ ફુલ દલ જળ દેશે રે,
તે તો અખંડ ધામને લેશે રે ॥૧૩॥
એહ આદિ જે આપસે વસ્ત્ર રે,
એવા ઘરધારી જે ગૃહસ્થ રે ॥
વળી પધરાવશે પોતાને ઘેર રે,
કરશે સેવા વળી સારી પેર રે ॥૧૪॥
વળી કરસે સનમાન એનું રે,
મારે કરવું છે કલ્યાણ તેનું રે ॥
એમ આચારજથી કલ્યાણ રે,
થાશે સહુ જીવનું સુજાણ રે ॥૧૫॥

આ પંક્તિઓનો જીવાત્માને લાભ મળે તે હેતુથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સત્સંગમાં અહર્નિશ વિચરણ કરતાં હોય છે. તેમાં લેશમાત્ર



નિજ સ્વાર્થની ભાવના હોતી નથી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ અનંત જીવાત્માના કલ્યાણ માટે દેશ વિદેશમાં નાના મોટા અસંખ્ય મંદિરોનું નિર્માણ કરાવી તેમાં મહારાજના સ્વરૂપો પધરાવ્યા. દ્વિશતાબ્દી મહોત્સવ, શતામૃત મહોત્સવ, રજત સુવર્ણ જયંતી મહોત્સવ, ષષ્ઠી પૂર્તિ મહોત્સવ જેવા ઐતિહાસિક મહામહોત્સવનું આયોજન કરી સંત-હરિભક્તોને અઢળક સુખ આપ્યું. જેવી રીતે શ્રીજી મહારાજે રંગ ઉત્સવ સમૈયા કરીને સત્સંગમાં અઢળક સુખ આપ્યું હતું.

શ્રીજી મહારાજ માટે નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

આ તો અનેક રીતશું,
આવ્યા ઉધ્ધારવા અવિનાશ ॥
જેમ જવાળા બાળે શુધ્ધા શુધ્ધને,
શુધ્ધા શુધ્ધ પલાળે મેઘ ।
શુધ્ધા શુધ્ધ સમઝે નહિ,
જ્યારે વાયુ વાય કરી વેગ ॥
એમ આજ તાર્યા છે અપાર રે,
ગુણાગુણ ન જોયા લગાર રે ।
જેમ મોટો સદાવ્રતી હોય રે,
તે તો ભૂખ્યાનું મુખ ન જોય રે ॥
તેમ આજ સદાવ્રત મોટું રે,
બાંધ્યુ છે તારવા જીવ કોપ્યું રે ।

શ્રીજીમહારાજની રાહે આપણાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પણ જીવના ગુણ અવગુણ જોયા વિના

અનંત જીવાત્માના કલ્યાણનો ધ્યેય હોવાથી સત્સંગમાં એક યશ કલગી ઉમેરવાની જે બાકી હતી અને તે છે **શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયણ જેનું ખાત મુહૂર્ત પણ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પાટોત્સવના પવિત્ર દિવસે તા. ૧૩-૩-૨૦૦૫ના રોજ શ્રીહરિના આઠમાં** વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કોમળ કરકમળ દ્વારા ખૂબ દબદબાપૂર્વક સંપન્ન થયું. આ મ્યુઝિયમ પોતાની સંપૂર્ણ દેખરેખ નીચે નિર્માણ થાય તે હેતુથી આપણા પૂ. મોટા મહારાજશ્રી સ્થળ પર જ નિર્માણ કરેલી કુટિરમાં નિત્ય સવારના ૯ થી ૧૧ બિરાજમાન થાય છે. ઋષિમુનિઓના તપ કરતાં આ તપ અત્યંત નિરાળુ છે ! કેવી રીતે ? સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી આ મ્યુઝિયમમાં સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુઓનું દર્શન કરીને અનંત જીવાત્માઓનું કલ્યાણ થવાનું છે ! સર્વોપરિ ભગવાનના સંબંધમાં આવેલી દિવ્ય પ્રસાદીની, વસ્તુઓનું આ સંગ્રહસ્થાન પણ સર્વોપરિ થવાનું છે. જેની ખ્યાતિ સાંભળીને દેશ વિદેશના ટુરિસ્ટો ખેંચાયને આ મ્યુઝિયમનું દર્શન કરવા આવશે અને પોતાના જીવનને ધન્ય બનાવશે !

સ્વામિનારાયણ ભગવાનને સ્પર્શ પામેલી આ વસ્તુઓ પાકૃત નથી હોતી અક્ષરધામમાં રહેલી વસ્તુઓની જેમ જ આ વસ્તુઓ દિવ્ય અને કલ્યાણકારી હોય છે. કારણ કે તેને પુરુષોત્તમ નારાયણનો સંબંધ થયો છે. આપણે મહારાજનું સ્વરૂપ કે સવારની નિત્ય પૂજાની પેટી મંદિરના સ્ટોર પરથી ખરીદીયે, પછી નરનારાયણદેવ અગળ પ્રસાદીની કરાવીએ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે પ્રસાદીનું કરાવીએ, પછી તે સ્વરૂપને કાગળ પરનું ચિતરામણ નથી માનતા, પરંતુ પ્રત્યક્ષ કલ્યાણકારી ભાવ લાવીને પૂજીએ છીએ, તેમ જે વસ્તુને પ્રત્યક્ષ પરમાત્માનો સ્પર્શ થયો હોય તે વસ્તુ પ્રાકૃત કેમ કહેવાય ? પ્રસાદીની વસ્તુઓમાં કેટલો ચમત્કાર અને આશ્ચર્ય રહેલું છે તે નીચેના દ્રષ્ટાંતો પરથી સમજીએ.

(૧) યાત્રાધામ જેતલપુરમાં બેની બહેનના ઘેર ચુડેલનો ઉપદ્રવ થયેલો. આ ચુડેલ રોજ રાત્રે બેની બહેનના પાડરું (ભેંસનું બચ્ચુ)ને બેની બહેનના મેડા પર ચડાવી દે. સવારના ગામ લોકો બેનીબાના ફળિયામાં ભેગા થઈને પાડરુંને મેડા પરથી નીચે ઉતારે. દરરોજ રાત્રે ચુડેલનો આ ક્રમ ચાલે. ચુડેલનો ઉપદ્રવ કોઈ રીતે બંધ થાય નહિ. બેનીબાએ જેતલપુરના ભક્ત શિરોમણી ગંગામાને આ વાત કરી. એટલે ગંગામાએ આશજીભાઈને ત્યાંથી શ્રીહરિ જે પથ્થર ઉપર બેસી નાહ્યા હતા તે પ્રસાદીનો પથ્થર બેની બાને ઘેર લાવીને મૂક્યોને ચૂડેલની ઉપાધિ ટળી ગઈ. આ ઘર અને તેમાં દિવાલ પર ચોંટાડેલો આ પથ્થર ગામમાં તેમના જ વંશજ શ્રી કેશવલાલ ખોડીદાસ પટેલના ઘરમાં આજે પણ છે. જે પાટીદાર વાસમાં છે.

(૨) સ. સ્વરૂપાનંદ સ્વામીને આત્મનિષ્ઠાનું અંગ હોવાના કારણે કોઈને શરીરે દુઃખ થતું હોય તો કહેતા કે આપણે તો આત્મારામ છીએ. શરીર સાથે આપણે શો સંબંધ ? આકાશને ઉંદરો કાતરી શકે ખરા કે ? પણ મહારાજને એ ન ગમ્યું. અને પોતાની ઈચ્છાથી સ્વરૂપાનંદ સ્વામીના શરીરમાં મંદવાડ મોકલ્યો. અતિ મંડવાદના દુઃખે ચીસો પડાઈ જાય. મહારાજ જોવા પધાર્યા. કેમ સ્વામી ! આકાશને ઉંદરડા કાપે છે ? મહારાજ ! ખૂબ પીડા થાય છે. **તો એમ કરો આ દાદા ખાચરના ઓરડા, ઓસરી, નળીયાં, લીંબડો એનું ધ્યાન કરો. પછી એ ધ્યાન કરાવરાવીને પીડા મટાડી. પોતાના સંબંધ વાળી વસ્તુઓ મોક્ષ માટે આત્મનિષ્ઠા કરતા પણ વધુ અધિક છે તે જણાવ્યું.**

(૩) સાળંગપુર હનુમાનજીના શરણે જ્યારે અતિ મલિન ભૂતપ્રેતાદિકના ઉપદ્રવ વાળા દર્દીઓ આવે ત્યારે ઘણીવાર પૂજારી તેને હરિમંદિરમાં રહેલા ઉપર ટીંગાડેલા પ્રસાદીના ઢોલિયા અને ગાડા નીચે બેસાડે છે, તેનો સ્પર્શ કરાવે છે. પ્રસાદીની વસ્તુને તાપ ભૂત પ્રેતાદિકથી સહન થતો નથી. જેથી જે તે દર્દીને જે તે મલિન ભૂત પ્રેતાદિકના વળગાડમાંથી છોડાવવા હનુમાનજી

મહારાજ ને પણ ઓછી મહેનત કરવી પડે છે.

આપણા પૂ. મહારાજશ્રીનો સંકલ્પ એ છે કે આવી દુર્લભ વસ્તુઓ ને લાંબા કાળ સુધી વૈજ્ઞાનિક ઢબે મ્યુઝિયમમાં જાળવવી છે. કારણ કે

"પુરુષોત્તમ સ્પર્શની જે વસ્તુ રે,
ન મળે જ્યાં લગિ ઉદે ને અસ્તુ રે"

અશન વસન ભૂષન,
વાહન વાસન જેહ ।
પુરુષોત્તમને સ્પર્શતા,
થયાં શુદ્ધ સહુ એ તેહ ॥
માયિક તે અમાયિક થયાં,
થયાં ગુણમય ગુણાતીત ।
સ્પર્શતા પરબ્રહ્મને,
સહુ થયાં પરમ પુનીત ॥

આવા અમાયિક વાસણો, વસ્ત્રો, વાહનો, અલંકારો, કાગળો, પથ્થરો વગેરે ગુણાતીત પદાર્થોનું દુનિયાની ધર્મપ્રેમી તથા પ્રાકૃતિક સૌંદર્યપ્રેમી જનતાને આપણા આ નિર્માણાધિન મ્યુઝિયમમાં દર્શન થવાનું છે. 'પ્રાકૃતિક સૌંદર્ય પ્રેમી' શબ્દ એટલા માટે કે આ મ્યુઝિયમ સુંદર વૃક્ષ, લતા, વેલીફુલ છોડો, પક્ષીઓના કલરવ અને પાણીના સુંદર ફુવારા વચ્ચે કુદરતી દિવ્ય વાતાવરણમાં ઉભું થવાનું છે. પુરુષોત્તમ નારાયણને રહેવાનું અક્ષરધામનું શાસ્ત્રોમાં કેવું અદ્‌ભૂત વર્ણન આવે છે તો તે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને સંબંધ પામેલી વસ્તુઓ ને કાયમ માટે રાખવાનું સ્થળ પણ એવું જ સુંદર જોઈએ ને !!

વળી કલ્યાણકારી જે વસ્ત્ર (પદાર્થ રે) રે,
તે પણ પૃથ્વી પર છે સમસ્ત રે ।
બહુ તે વડે થાશે કલ્યાણ રે,
સ્પર્શી પામશે પદ નિરવાણ રે ॥
પણ અવતારના જે અવતારી રે,
વાત તેની તો જાણજો ન્યારી રે ।
જાણો પુરુષોત્તમનો સ્પર્શ રે,
તે તો સહુ થકી છે જો સરસ રે ॥
અમારા અંગસંગની વસ્તુ,
રાખી જીવના કલ્યાણ કાજ ।
ફરી ફરી ફેરો પડે,
એવું કરવું નથી આ વાર ॥
સહુ જીવનો સામટો,
આજ કરવો છે ઉદ્ધાર ।
તેહ સારૂ છાપી દીધાં ચરણ રે,
જે છે સુખના કરણ રે ॥

જેમ પુરુષોત્તમ નારાયણની સ્પર્શ પામેલી મૂર્તિઓ અને અન્ય મૂર્તિઓમાં ઘણો ફેર છે. તેમ ભગવાનને સ્પર્શ પામેલા પદાર્થો અને જગતના અન્ય પદાર્થોમાં પણ જમીન આસમાનનો ફેર છે. અને આવી પ્રસાદીની વસ્તુઓ પણ મૂળ સંપ્રદાય અને તેના મંદિરો પાસે જ છે. અને એ જગતના કલ્યાણ માટે જાહેર દર્શન માટે મ્યુઝિયમમાં પધરાવવાની છે. ક્યારે શક્ય બનશે ? શ્રીજી મહારાજે અતિ ઉદારતા લાવીને સત્સંગ સમાજને આવી પ્રસાદીની દિવ્ય વસ્તુઓ આપી, એવી જ ઉદારતા દાખવીને સત્સંગ સમાજ આવી પ્રસાદીની વસ્તુઓનું આ મ્યુઝિયમને દાન કરે. આપનાર ભગવાન છે અને સમવિષ્ટના હિત માટે દાન સ્વીકારનાર પણ ભગવાનના છઠ્ઠા વંશજ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે !!! પ્રસાદીની વસ્તુનું જો આ વખતે દાન નહિ થાય તો મ્યુઝિયમ બની ગયા પછી તેનું દર્શન કર્યા બાદ કાયમ માટે પસ્તાવો રહી જશે ! ફરી આવી તક આવતી નથી. વીજળીના ચમકારે મોતી પરોવી લે એ જ ધન્યભાગી છે.

વળી અમારા અંગનું અંબર રે,
બહુ સ્પરશેલ સારું સુંદર રે ।
એહ પ્રસાદીનું જેહ પટ રે,
મળે ટળે સર્વે સંકટ રે ॥
એહ વસ્ત્ર અનુપમ અતિ રે,
થાય પૂજ્યાં પરમ પ્રાપ્તિ રે ।
અતિ મહાત્મ્ય એનું અતુલ્યે રે,
કહો ક્યાંથી મળે એહ મૂલ્યે રે ॥
જે જે અમારા સંબંધની વસ્તુ રે,
ન મળે ગોતતાં ઉદેને અસ્ત રે ।
જાણ અમ સંબંધિની જે જે રે,
છે એ કલ્યાણકારી માની લિજે રે ॥
તે તો રાખી છે અમે અપાર રે,
સહુ જન અરથે આ વાર રે ।
નખ શિખા લગી નિરધાર રે,
રાખી સ્પરશિ વસ્તુ કરી પ્યાર રે ॥
સ્પરશિ ચીજ જે બહુ પરકારે રે,
અડી હોય જે અંગે અમારે રે ।
તે તો સર્વે છે કલ્યાણકારી રે,
માટે રાખી છે અમે વિચારી રે ॥

ભગવાન કહે છે કે આ વસ્તુઓ અમે સહુ જન અર્થે એટલે કે બધાં લોકો માટે રાખી છે. સર્વ જીવ હિતાવહ ! એટલે આપણે એવું માનવાનું કે અત્યાર સુધી એ વસ્તુઓ મહારાજે આપણને પૂજવા માટે, સાચવવા માટે આપેલી, પરંતુ હવે

મહારાજને એ વસ્તુઓની સર્વજીવ હિતાવહ જરૂર પડતાં સ્વયં મહારાજ પોતાના અપર સ્વરૂપ એવા પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સ્વરૂપે આપણી પાસે માંગી રહ્યા છે. અને જો નહિ આપીએ તો કાળના પ્રવાહમાં આપણા વંશ વારસાની કોઈ પેઢીમાં સત્સંગ ઘસાય જતા તે પ્રસાદીની વસ્તુઓ પણ ક્યાંક વેચાય જાય કે ખોવાય જાય કે માળીયા પર ધૂળ ખાતી રહે તો આપણા જેવા દુર્ભાગી કોણ !

સર્વોપરિ ભગવાનનું સર્વોપરિ મ્યુઝિયમ બને, દુનિયાના લોકો માટે અતિ આકર્ષણનું કેન્દ્ર બને, અમદાવાદ શહેરની પ્રથમ નંબરની અજાયબી બને, એ માટે સત્સંગીમાત્ર તેમાં પોતાનું યથાશક્તિ આર્થિક યોગદાન નોંધાવે એ પણ અતિ મહાત્વનું છે. સ્વામિનારાયણ ભગવાનનું આ કામ સ્વયં સ્વામિનારાયણ ભગવાન જ કરવાના છે. પરંતુ આપણા જીવના કલ્યાણ માટે, મહારાજના રાજીપા માટે આપણે નિમિત્ત બનીએ, મહારાજે આપણને આપેલી લક્ષ્મીનો સદુપયોગ કરીએ તો લક્ષ્મીજી પણ આપણાં ઘેર કાયમ વાસ કરીને રહેશે ! જે હરિભક્તો એ સેવા નોંધાવી છે તેઓને ધન્ય છે ! આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો સ્વભાવ અયાચક હોવાથી ક્યારેય કોઈની પાસે માંગશે નહિ, પરંતુ યોગદાન આપીને આપણે ધન્યભાગી બનીએ. એ જ આપણાં જીવનની સાર્થકતા છે.

ખાત મુહૂર્ત પ્રસંગની સભામાં લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના શુભ આશીર્વચનમાં જણાવ્યું કે પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લાલજી હતા ત્યારે અને હાલમાં નિવૃત આચાર્યશ્રી હતા ત્યારે અને હાલમાં નિવૃત આચાર્યશ્રી ત્યારે પણ તેઓએ જીવન ભર સત્સંગના એટલા કાર્યો કર્યા છે કે તેની જીવનભર ચર્ચા કરીએ, સરાહના કરીએ તો પણ ઓછી પડે. તેમજ વધુમાં તેઓશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે લક્ષ્મીનો તોટો ન રહે એવી શ્રી લક્ષ્મીનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે અમે નિવૃત્તિમાં સમય પસાર કરવા આ પ્રવૃત્તિ શોધી નથી. પરંતુ સ્વામિનારાયણ મ્યુઝિયમના આયોજનની પ્રવૃતિ માટે અમે નિવૃત્તિ લીધી છે. મહારાજે કરેલી વ્યાખ્યા મુજબ ભગવાન સાથે અનન્ય સ્નેહ તેનું નામ ભક્તિ. પરંતુ મહારાજે જેતલપુરના વચનામૃતમાં કહ્યું કે ભગવાન અર્થે પ્રવૃતિ કરવી, ભગવાનનું ગમતું કરવું એ પણ એક ભક્તિ છે. શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ રૂપી આ અમૂલ્ય મૂડી, વારસો કાયમ માટે જળવાય રહે. તેનું દર્શન કરીને અનંત જીવોનું કલ્યાણ થાય તેવા આ સ્વામિનારાયણ મ્યુઝિયમના આર્કિટેક અને એન્જિનિયર પણ સ્વયં શ્રીજી મહારાજ જ છે. અમે મહારાજને વિનંતી કરી છે કે હે મહારાજ ! આ કાર્ય આપનું છે ! સારું થાય તો સારું, અને સારું નહિં થાય તો અમારું કશું બગડવાનું નથી !!

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આ પ્રસંગે પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે આ કાર્ય કોઈ વ્યક્તિગત નથી. મહારાજની સેવા કરવાની મહારાજને રાજી કરવાની આ એક તક મળી છે. એ માટે ૧૦ કરોડ સુધીનું પણ ખર્ચ કરવું પડે તો એ માટે પણ વ્યક્તિગત રીતે અમે કટિબધ્ધ છીએ.

ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી માટે આપણા ઈષ્ટદેવ આપણને કહે છે કે,

જેમ એ વાળે તેમ વળજો રે,
એના કામકાજમાં ભળજો રે ।
એની માનજો સહુ આગન્યા રે,
વર્તશોમાં કોયે વચન વિના રે ॥

સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ કરવા આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કટિબધ્ધ બન્યાં છે. તો એ કામમાં આપણે સત્સંગી માત્ર મન, કર્મ, વચને જોડાઈએ, એજ શ્રીહરિનો રાજીપો, ગુરુઋણમાંથી કંઈક અંશે મુક્ત થવાનો એ જ અવસર અને વર્તમાન સમયે એ જ આજ્ઞા !

: સ્થળ :

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. પાછળ,
નારણપુરા, અમદાવાદ-૧૩.
ફોન : ૨૭૪૧૯૫૯૭
ટેલી ફેક્સ : ૨૭૪૯૯૫૯૭

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે.....

આ એક એવા નવયુવાનની વાત છે કે ધર્મવંશી આચાર્ય અને સંતના સમાગમથી જેનું જીવન બદલાઈ ગયું છે. આ કોઈ કાલ્પનિક વાત નથી. પણ ૧૯૮૯ પછી જીવન પરિવર્તન પામેલા યુવાનના જીવનની સત્ય ઘટના છે.

આ યુવાન ૧૯૭૦ના દાયકામાં ભારતથી લંડન સ્થાયી થવા આવેલ. નામ એનું જેઠાલાલ. જેઠાલાલ આમ તો ગ્રેજ્યુએટ, ઈતિહાસ અને પુરાણ પણ ભણેલો, પણ ભગવાનમાં નિષ્ઠા નહીં. ભગવાનને નિરાકાર માને, સ્વામિનારાયણ ભગવાનને ભગવાન ન માને, સંપ્રદાયના સંતો પ્રત્યે કોઈ પૂજ્ય ભાવ નહીં અને આચાર્ય મહારાજશ્રી પ્રત્યે દેવભાવ સહેજે નહીં અને ઉપરથી તેમને તો સંપ્રદાયના પરાવલંબિત માને ! દારૂ અને સિગરેટનું વ્યસન એટલે બીજા અંતરદોષ પણ ખરા. જેવા પોતાનામાં દોષ એવા જ હરિભક્તોમાં કલ્પે !

પ્રથમ મિલન

૧૯૮૯ની ભારત યાત્રા વખતે જોગાનુજોગ આચાર્ય મહારાજશ્રીના દર્શન થયાં. સૌમ્ય મૂર્તિ પ્રત્યે સહેજે આકર્ષણ થયું. ત્યારબાદ લંડન પાછા આવી શ્રી સ્વામિનારાયણ મંદિર (વિલ્સડન) ના પ્રથમ પાટોત્સવ નિમિત્તે મહાઅભિષેકના દર્શન કરવા ગયો.

સ્નેહ મિલન અને પહેલો પરચો

અભિષેક કરતા આચાર્ય મહારાજશ્રી અને બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દર્શનથી મનમાં દિવ્યતા ઉપજી. આચાર્ય મહારાજશ્રીમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાન દેખાણા ! ભગવાનની દયાનો પાર નથી. આવા પામર જીવને પણ ભગવાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. વરસોની ઉપાસના અને ભક્તિ પછી પણ જે સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થતો એ સ્વરૂપના દર્શન ભગવાને અતિ કરુણા કરી આવા પામર જીવને કરાવ્યાં. આ સાક્ષાત્ પરચો નહીં તો બીજું શું !

બીજો પરચો

જેમ ભગવાનની દયાનો પાર નથી તેમ જીવની અવળાઈનો પણ પાર નથી. સાક્ષાત્ ભગવાનના દર્શન થયાં છતાં પણ ભગવાન પ્રત્યે નિષ્ઠા ન આવી. શ્રધ્ધા વગર માત્ર અભ્યાસના હેતુથી "સત્સંગિજીવન" ની કથા સાંભળવા જતો. પણ જેમ જેમ કથા સાંભળતો ગયો તેમ તેમ ભગવાનનું માહાત્મ્ય સમજાતું ગયું. પણ વ્યસન એક પણ છૂટ્યું નહીં ! થોડા સમય પછી કમરનું મોટું ઓપરેશન કરાવવાનું હતું. **અપંગતાની બીક લાગી એટલે આચાર્ય મહારાજશ્રી આગળ દયાની ભીખ માંગી. કોઇને દુખિયો રે દેખી ન ખમાય... દયા આણી રે.. સ્વભાવ છે સ્વામિનો પરદુઃખહારી રે... ભગવાન જેવા જ અતિ દયાળુ સ્વભાવવાળા મોટા મહારાજશ્રીએ ગળામાં તુલસીની કંઠી પહેરાવી અને આશીર્વાદ આપ્યા. જેઠાલાલને પણ કંઠી ઉપર વિશ્વાસ આવ્યો. ઓપરેશન થિયેટરમાં જતી વખતે પણ જીદ કરીને ડૉક્ટરને કંઠી ઉતારવા ન દીધી !** ઓપરેશન સફળ થયું ! મહિના સુધી ફીઝયોથેરાપી ચાલી. ફીઝયોથેરાપીના છેલ્લા દિવસે શાવરમાં સ્નાન કરતાં કરતાં ગળાની કંઠી આપોઆપ તૂટી ગઈ. અને બધા દાણા તણાઈ ગયા. દોઢ મહિના સુધી કંઠીએ જેઠાલાલની સતત રક્ષા કરી. આ એક બીજો પરચો નહીં તો બીજું શું !

અંતિમ પરિવર્તન

જેઠાલાલને હવે પોતાની પામરતા અને ભગવાનની મહાનતા સમજાણી. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય વધારે સમજવા અને નિષ્ઠા વધારે અચળ કરવા ભૂજ મંદિરના એક વિદ્વાન સંત પાસેથી ગીતા અને શિક્ષાપત્રીનો સઘન અભ્યાસ કર્યો. પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્ય, સેવન અને આશીર્વાદથી ૧૯૯૦ ની નિયમની એકાદશીથી બધાં વ્યસનો છૂટી ગયાં. ભરત આજે શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અચળ નિષ્ઠા રાખી પોતાથી બને તેવી સત્સંગની સેવા કરે છે.

શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે કોઈને દીકરો દેવો કે ધન દોલત દેવી એ અમને આવડતું નથી, પણ જીવનું કલ્યાણ કઈ રીતે થાય તેની રીત અમને આવડે છે.આચાર્ય મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી અને સંતોના માધ્યમ દ્વારા, જેઠાલાલનું જીવન પરિવર્તન કરીને એ વચન સાચું કર્યું છે. શ્રીજી મહારાજે જોબનપગીનું જીવન બદલાવી ગધેડામાંથી ગાય કરી હતી. જેઠાલાલનું જીવન હજી એટલી બધી આધ્યાત્મિકતા સુધી નથી પહોંચ્યું, પણ કોઈને ગધેડામાથી ઘોડો થયેલો જોવો હોય તો જેઠાલાલ તરફ આંગળી ચીંધી શકાય !

આપણા સંપ્રદાયમાં આવા તો અનેક પરચાઓ આજે પણ થાય છે. હરિભક્તોનું ધ્યાન દોરવા આ એક પરચાની વાત લખી છે. રખે કોઈ આ વાતને કોઈ કાલ્પનિક વાર્તા સમજે.

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે.

જેઠાલાલ દ્વારા કથિત વૃત્તાન્તનું

સંકલન

"સ્વશ્લઘા સ્વ મુખેન ચ ।"

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સહજ આનંદના સંદેશક શ્રીસહજાનંદ સ્વામી 'શિક્ષાપત્રી'ના શ્લોક ૩૭માં કહે છે કે, "સ્વશ્લાઘા સ્વ મુખેન ચ ।" અર્થાત્ પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવાં, આ સમગ્ર દુનિયાને તણખલા તુલ્ય માનવી સહેલું છે, તમામ શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું સરળ છે, પરંતુ 'આત્મશ્લાઘી વૃતિ'ને અંતઃકરણના અતળ ઊંડાણમાંથી બહાર કાઢવી ખૂબજ કઠિન છે.

મોટા ભાગના લોકોને પ્રશંસા બહુ ગમે છે. કેટલીકવાર તો વ્યક્તિ સામેની વ્યક્તિ સાથે પોતે જ પોતાની પ્રશંસા કર્યા કરે છે. શિક્ષાપત્રીમાં અત્રે કહેવાનું તાત્પર્ય અને તારમ્ય એ છે કે, આવી આત્મશ્લાઘી વૃત્તિમાંથી માણસે મુક્ત રહેવું જોઈએ.

પ્રશંસા કે વખાણ આમ તો સારી બાબત છે, પરંતુ તેની એક મર્યાદા એ છે કે બીજા લોકોને જે ગમતું હોય તે પ્રમાણે કરીને કે કહીને આપણને એમની પાસેથી પ્રશંસા પ્રાપ્ત કરવાની ઝંખના રહ્યા કરે છે. વારંવાર જો કહેલાં કામો અંગે જાતે જ પોતાના વખાણ કર્યા કરીએ તો કરેલાં કાર્યોનું મૂલ્ય ઘટી જાય છે, ઝાંખું પડી જાય છે.

"પ્રશંસા તો ખુદાને પ્યારી !" એ સૂત્રાનુસાર પ્રશંસા જુદી જુદી વ્યક્તિઓ ઉપર જુદો જુદો પ્રભાવ પાડે છે. વિવેકી માણસને તે નમ્ર બનાવે છે. અને મૂર્ખ માણસને તે અહંકારી બનાવીને એના દુર્બળ મનને મદહોશ કરી દે છે, પ્રશંસા એ બીજાના સદ્‌ગુણો પ્રત્યેનું આપણું ઋણ છે.

ઉપરોક્ત વાત કહી એ વાત પરથી એ બાબતો શીખવા જેવી છે કે, એક તો એ કે જ્યારે કોઈ આપણી પ્રશંસા કરે, આપણાં વખાણ કરે ત્યારે આપણે વધુ નમ્ર બનીને વર્તવાની ટેવ કેળવવી જોઈએ. ફુલાઈ જવું ન જોઈએ. અને બીજી બાબત એ શીખવાની કે **આપણને જો ખબર હોય કે અમુક માણસ મૂર્ખ છે, અહંકારી છે તો તેની કદી પ્રશંસા કરવી નહિ. એમ કરવાથી એ વધુ અહંકારી બની જશે, અને ક્યારેક ભાન ભૂલીને ન કરવાં જેવા કામ પણ કરી નાખશે.**

આપણે કોઈની વધુ પડતી પ્રશંસા ન કરવી જોઈએ. આપણને જો અન્ય લોકોમાં પ્રશંસા કરવા જેવા ગુણ કે સદ્‌ગુણ માલૂમ પડે તો આપણે તેવા ગુણ કે સદ્‌ગુણને અપનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ ભલા, પરોપકારી કે દાનવીર માણસાની તમે પ્રશંસા કરો કે ન કરો, તે પોતે તો ભલો, પરોપકારી કે દાનવીર રહેવાનો જ છે, આના હાથે સારાં કાર્યો થતાં જ રહેવાનાં છે. દા.ત. જો કોઈ હીરાની પ્રશંસા કરવામાં ન આવે તો તેનાથી કંઈ તેની ચમક ઘટી જતી નથી.

કોઈપણ વ્યક્તિએ પ્રશંસા પચાવી જાણવી એ પણ એક કળા છે. આપણે જો જરાક જેટલા ગાફેલ રહીએ તો પોતાના વખાણ કે પ્રશંસા સાંભળ્યા પછી આપણામાં 'અહમ્' જન્મે છે. અને જો વારંવાર 'અહમ્' જન્મવા દઈએ તો મિથ્યાભિમાન જન્મે છે.

આ મિથ્યાભિમાન માણસનો વિનાશ નોતરે છે. કારણ કે પછી એવા લોકો બીજાઓને ઉતરતી કક્ષાના માનતા થઈ જાય છે. આથી જે કોઈ આપણી પ્રશંસા કરે ત્યારે નમ્રતા કેળવવી, જીવનમાં આર્જવ યાને નમ્રતા અનિવાર્ય છે. પ્રશંસા કરનાર વ્યક્તિને કહેવું કે, મારી પ્રશંસા કરવાને બદલે મારે હજી શું શું કરવું જોઈએ તે મને કહો તેમ જ મારાં કાર્યોમાં જો કોઈ મર્યાદા રહી ગઈ હોય તો તે વિષે સૂચન કરો.

કેટલીક વખત વાચાળ લોકો આપણી પ્રશંસા કરીને 'યેન કેન પ્રકારેણ' પોતાનો સ્વાર્થ સાધવા માટે આપણી પાસે અયોગ્ય કામ કરાવી લે છે. માટે સાવચેતીપૂર્વક વર્તવાની ને સંયમ કેળવવાની કાળજી રાખવી જોઈએ. "આ મેં કર્યું..... આ મેં કર્યું....." એ 'મેં..... મેં .....' તો બકરીની ભાષા થઈ ! માટે પોતે પોતાના વખાણ કરવાં નહિ. શિક્ષાપત્રીના સાડત્રીસમાં શ્લોકનું આ નાનકડું સૂત્ર બહુ જ મોટો સદુપદેશ આપી જાય છે. નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે -

"હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે,
સૃષ્ટિ મંડાણ સર્વ એણી પેરે,
જોગ જોગેશ્વરા, કો'ક જાણે."

'I' શાશ્વત છે પરંતુ 'My' વિનાશી છે. માનવીના મનમાં 'અહમ્' નામનો દુર્ગુણરૂપી દુશ્મન જ્યારે પ્રવેશે છે ત્યારે માનવીને સારાસારનું ભાન રહેતું નથી. અભિમાન કરતાં આ નર્યો દંભ બહુ જ નુકસાનકર્તા હોય છે. માટે અહમ્ ને

(અનુસંધાન પાના નં ૧૪ પર)

તીર્થ ભૂમિ હાલાર

- મોતીલાલ બેચરભાઈ ચૌહાણ (માણામોરા - હાલાર)

સર્વોપરિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે હાલાર પંથકમાં અનેકવાર પધારી હાલારની ભૂમિને પાવન કરી છે. ભગવાન સ્વામિનારાયણ જ્યારે જ્યારે કચ્છમાં પધારતા ત્યારે હાલારનાં ભાદરા ગામે પધારતા અને જામનગર જીલ્લાના જોડીયાબંદરેથી નાવમાં બેસી કચ્છ દેશમાં પધારતા. આ હાલાર પ્રદેશ એટલે ભગવાનશ્રી સ્વામિનારાયણના અષ્ટસખા સમકક્ષ કવિ નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની પ્રાગટ્ય ભૂમિ. હાલાર પ્રદેશનાં જ સ્વામી ગોવિંદાનંદજીએ સાળંગપુર કષ્ટભંજન દેવની પ્રથમ પ્રતિષ્ઠા વખતે જેના કરકમળ થકી આરતી ઉતારવામાં આવી હતી. આ હાલાર પ્રદેશ એટલે ઓલીયા પુરુષ (મુંડીયા) બાપુ - કાનદાસ બાપુ, ભીમદાસ બાપુ અને જોડીયામાં ધરમદાસજી મહારાજે ધર્મનો ધ્વજ લહેરાવીને હાલાર પંથકને કર્મભૂમિ બનાવી છે. હાલાર પંથકમાં ભગવાન સ્વામિનારાયણે ગામો ગામ વિચરણ કરીને આ ભૂમિને પાવન કરી છે. ભક્તચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે મહારાજે ધૂડકોટ ગામે પધારીને ગામને અને આ ભૂમિને પાવન કરી હતી. આ પવિત્ર હાલાર પ્રદેશમાં શ્રી નરનારાયણદેવ ગાદીના બીજા આચાર્ય શ્રી પરમ પૂજ્ય ધર્મ ધુરંધર આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ એક સમયને વિષે હાથીની અંબાડીએ બેસી વિચરણ કરતા કરતા સંત પાર્ષદે સહિત હાલારના ધૂડકોટ ગામે પધારેલા ત્યારે પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવવા ધૂડકોટ ગામનાં હરિભકતો ખૂબજ ભાવવિભોર બની સુંદર રાસ રમ્યા હતા અને દેવ આચાર્ય પરત્વે નિષ્ઠાભાવ વફાદારી નિહાળીને મહારાજશ્રીએ પોતાની પૂજામાં રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પ્રસાદીના ચરણારવિંદ ઘણા રાજીપા સાથે ધૂડકોટ ગામને અર્પણ કર્યા. જે પ્રસાદીના ચરણારવિંદમાંથી અનેક વખત શીતળ તેજનાં દર્શન અનેક હરિભક્તોએ કર્યા છે. એટલું જ નહિ ખૂદ મોરબી - માળીયા ઠાકોર સાહેબે પણ સતત બે દિવસ સુધી આ પ્રસાદીનાં ચરણારવિંદમાંથી નીકળતા શીતળ તેજનાં દર્શન કર્યા છે. અને તેથી ઠાકોર સાહેબને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સર્વોપરિપણાનો નિશ્ચય થયો હતો. આ પ્રસાદીના ચરણારવિંદનો મહિમા એવો કહેવાય છે કે શ્રીજી મહારાજે ગઢપુરમાં દાદા ખાચરને આપ્યા હતા અને દાદા ખાચરે મૂળી જન્માષ્ટમીનાં સમૈયા વખતે પરમ પૂજ્ય આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને સભા મંડપમાં અર્પણ કર્યા હતા. અને એજ પ્રસાદીનાં ચરણારવિંદ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજને અર્પણ કરેલા ! અને એ જ પરમપવિત્ર પ્રસાદીના ચરણારવિંદ પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે હાલારનાં હરિભક્તો ઉપર પ્રસન્ન થઈને ધૂડકોટ ગામને અર્પણ કરેલા. આવો અદ્‌ભૂત મહિમા ધરાવતાં ચરણારવિંદ હાલ ધૂડકોટ ગામનાં પુરુષોનાં મંદિરમાં બિરાજે છે. ધૂડકોટ ગામનાં હરિભક્તો કેવા ભાગ્યશાળી હશે તેની કલ્પના કરો તો ખ્યાલ આવે. માટે આ હાલારની ભૂમિને તીર્થભૂમિ કહીએ તો અતિશ્યોક્તિ ન કહેવાય. નિવૃત પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અનેક વખત હાલાર દેશમાં વિચરણ કરીને હાલારની ભૂમિને પવિત્ર બનાવી છે. એટલું જ નહિ પરંતુ હાલારના હરિભક્તોને દર્શન સ્પર્શનું સુખ આપ્યું છે. ટાઢ તડકો સહન કરીને પણ આપણા સૌના શિરતાજ અને પરમ વંદનીય પરમકૃપાળુ એવા આપણા પૂ. મહારાજશ્રી હાલારનું આમંત્રણ મળે, અને વિના સંકોચે આમંત્રણને વધાવી લે. આવી કૃપા પરંપરાથી ચાલી આવે છે. તેમાં જરાય ફરક પડ્યો નથી. જીરાગઢના આપણા મંદિરમાં બિરાજતા રોકડીયા દાદાના પાટોત્સવ પ્રસંગે દર વર્ષે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળ પરિવાર

અચૂક પધારે છે. દેશ-વિદેશ માં કરોડો જીવોને ભગવાન ઓળખાવ્યા છે. અને મૂળ સંપ્રદાયની પરંપરાને લોકોના હૃદયમાં ઉતારી છે. નાનામાં નાના સત્સંગીથી લઈ મોટા અબજોપતિ માટે પણ એક સરખો ભાવ તેમનામાં જોવા મળે છે.

હાલાર પ્રાંન્તના હરિભક્તો માટે પૂજ્ય મહારાજશ્રીને કેવું હેત હશે તેની. કલ્પના થઈ શકે તેમ નથી. **કારણ કે આચાર્યપદથી નિવૃત થવાના આગલા દિવસે જ પૂ. મહારાજશ્રીએ હાલાર દેશનાં ધૂડકોટ ગામે બાઈઓનાં નૂતન મંદિરનો શિલાન્યાસ ખાતવિધિ નિજ કરકમળ થકી કરીને બીજા જ દિવસે આચાર્ય પદથી** નિવૃત થયા. આપણે કેટકેટલા ભાગ્યશાળી છીએ - કે મહારાજશ્રીએ કેટલાક અગત્યના (આચાર્યપદથી નિવૃત થયાના સમયે) કામને પણ ગૌણ માનીને સત્સંગને સર્વસ્વ માન્યુ છે તેથી જ તો આ હાલાર દેશમાં પોતાનું છેલ્લું સંભારણું (આચાર્યપદનું) કાયમ માટે યાદગાર કરતા ગયા ! આ હાલારના હરિભક્તો કેટલા ભાગ્યશાળી હશે ! કેટલા પુણ્યશાળી હશે તેની કલ્પના કરવી અશક્ય છે !

કારણ કે હાલાર દેશમાં પૂ. આચાર્ય મહારાજે આચાર્યપદથી નિવૃત થતા પહેલા છેલ્લો શુભ પ્રસંગ ધૂડકોટ મંદિરનું ખાત મુહૂર્ત કરીને નિવૃત થયા. અને તેજ રીતે સપ્તમ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આચાર્યપદે નિયુક્ત થયા બાદ પ્રથમ વખત હાલારના જામસર ગામે પધારી શ્રી કષ્ટભંજનદેવના મંદિરનું ખાત મુહૂર્ત કર્યું. કેવો શુભાશુભયોગ કહી શકાય નિવૃતિ ખાત મુહૂર્તથી ને નિયુક્તિ પણ ખાત મૂહુર્તથી ! એક અદ્‌ભૂત ઘટના.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જામસર ગામે પોતાના આર્શી પ્રવચનમાં જણાવ્યું કે, હનુમાનજી કષ્ટભંજનદેવ બુદ્ધિના દેવ છે. દાદા દરેક ગામના પાદરે બિરાજે છે, તે એટલા માટે કે તે ભગવાન શ્રી રામચંદ્રજીના સેવક હતા. નામ રામનું ને કામ પણ રામનું. એટલે તે રામના સેવક કહેવાય છે. પરદુઃખ ભંજન કહેવાય છે, કષ્ટભંજન કહેવાય છે. આપણે રામનું નામ લઈએ તો ભગવાન આપણા કષ્ટ દૂર કરવા દાદાને આજ્ઞા આપે કે ભક્તોના કષ્ટ દૂર કરો. પણ આપણે ભગવાનનું નામ જ ન લઈએ ને દાદાને કહીએ કે અમારા દુઃખ દૂર કરો, તો એ શક્ય નથી. કારણ કે દાદા સેવક છે. સેવકને સ્વામિ એટલે ભગવાન આજ્ઞા આપે તેમ કરવું જોઈએ. આપણે અહીં નામ લેવાનું છે ભગવાનનું ને કામ કરવું છે હનુમાનનું. નામ લેવાનું કામ આપણને સંતો શિખવાડે છે. સત્સંગ કરાવે છે, પણ સંતોનું વિચરણ ગામડે જવાનું ઘટતું જાય છે. અગાઉ સંતો ગામડે જતાં, કથાવાર્તા કરતા, દેવ મંદિરે વડીલો સાથે બાળકો જતા અને બાળકો સંતોના સહોદર બની જતા ! સંતો જ્ઞાન સાથે ગમ્મતની વાતો કરે અને બાળકની જીજ્ઞાસા વૃત્તિને પ્રોત્સાહન મળતું. આ રીતે સત્સંગની વૃધ્ધિ થતી, પણ આજે સત્સંગીઓના બાળકો પણ સંતો પાસે જતા ડરે છે. **કારણ કે સંતોને ગામડે જવાનું ઘટી ગયું. બાળકોને સેવાનું અંગ ઘટી ગયું.** સેવાનું કાર્ય કરવાનું માર્ગદર્શન હનુમાનજીએ આપ્યું છે. આપણે કષ્ટભંજન દેવની સેવાનું આ કાર્ય કરવાનું છે, તન, મન, ધનથી સેવા કરજો. દાદા બહુ રાજી થશે. દાદા રાજી રહે એટલે આપણા દુઃખ દૂર રહે. આવા રૂડા આર્શીવચન સાંભળી સૌ ભક્તજનો કૃતાર્થ થયા.

આ પ્રસંગે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અલૌકિક દિવ્ય દર્શનની ઝાંખી દરેક શ્રોતાજનને થઈ હતી, આચાર્ય પદ ગ્રહણ કર્યા પછી પહેલી વખત આ દિવ્ય દર્શન ખરેખર મન અને ચિત્તને શાંતિ પમાડતા હતા. સુંદર મુખારવિંદ થકી ખરેખર તેજપુંજના દર્શન થતા હતા. ને આ દિવ્ય દર્શન કરતા કરતા સૌના હૃદયને અઢળક શાંતિ થતી હતી. હાલારના હરિભક્તોનું જીવન ધન્ય બની ગયું. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વરસો વરસ હાલારમાં પધારતા રહે અને આવા દિવ્ય દર્શન આપતા રહે એજ શુભ ભાવના સહ જયશ્રી સ્વામિનારાયણ.



સત્સંગ સુરભિ

ભગવાન ભજવાને વળી સવાદ શા ?

– અતુલ પોથીવાલા

ગીર પંથકમાં નાજા ધરાઈ નામનું એક નાનકડું ગામ. એમાં જોધો ભરવાડ એની ભરવાડણ અને ઘેટાં બકરાં સાથે નાનકડાં નેસડામાં રહે.

એક દિવસ, કૂવામાંથી જોધો પાણી ઠાલવી બકરાઓને પીવડાવી રહ્યો હતો. ત્યાં શ્રીજી મહારાજ દશવીસ કાઠી દરબારો સહિત ત્યાં આવી પહોંચ્યા. "આ ઘોડી પાણી વિના તરશે મરે છે,બે તાંહળી પાણી પાશો કે ?" સોમલા ખાચરે પૂછ્યું.

"શું કામ નહિં પાઈએ, પાણીથી પાતળો થાય એવો આ જોધો નથી." એમ કહી બે-ચાર ડોલું વાત વાતમાં જોધાએ ખેંચી કાઢી. બધાએ ધરાઈને પાણી પીધું. "આ બધા તમે ક્યાં જાવ છો ?" ચકળ-વકળ જોતો જોધો ફરી બોલ્યો. "જઈએ છીએ વડતાલ, સમૈયો કરવા." આ સામે ઊભા છે એ કોણ છે ? એ તો સ્વામિનારાયણ ભગવાન છે. સોમલા ખાચર બોલ્યા. "અહોહો, આ પંડે ભગવાન કે ?" એમ કહી જોધો અડવાણે પગે દોડ્યો અને ભૂમિ ઉપર લાકડી પડે તેમ ઝટ દેતો મહાપ્રભુના ચરણમાં પડ્યો. અને બોલ્યો : "મહારાજ, મહારાજ મને રોજ તમારી સાથે જ રાખો. મને પોતાનો માની મારા પર એટલી મે'ર કરો. આ જોધાનું કાંડુ ઝાલી તમારો કરો. નહીં તો તમને મારા સમ છે."

ભોળા ભટાક જોધાની કાલીકાલી વાણીથી શ્રી હરિ પ્રસન્ન થયા. કહે, "અમે બધા હાલ વડતાલ જઈએ છીએ. ત્યાંનો સમૈયો કરી અમે પાછા ફરીએ ત્યારે તું જરૂર ગઢડે આવીને રહેજે. અને દાદાખાચરની ભેંશું ચારજે."

એટલું કહી માણકી નચાવતા નચાવતા માણીગર મા'વ તો ચાલી નીકળ્યાં. કાઠી દરબારોના ઘોડાંઓ પણ એક પછી એક વાંસોવાંસ ઉપડ્યા.

જોધો ભગવાનને ફાટી આંખે જોઈ રહ્યો. મહારાજનું છોગલું જ્યાં સુધી દેખાણું ત્યાં સુધી કેડે હાથ દઈને ઊભો રહ્યો. દયાળુ દેખાતા બંધ થયા કે જોધાનાં નેણ નીચા નમ્યાં. મનોમન નિસાસો નાંખી બોલ્યો. "ઓહો ! પરભુ તરછોડીને ચાલી નિસર્યા !"

મન વિનાનો જોધો બકરા લઈ ઘેર પાછો આવ્યો. મહીયારણને સીધું જ કીધું : "આ ગાયું, આ બકરાં, આ ઘરવખરી આ ઝોક ને આપણો આ તર પંખડો બધું જ તું સંભાળી લેજે. હું તો હવે સ્વામિને ગઢડે જાઉં છું મહારાજ જોડે." મહારાજને મળવાની ચટકી જોઈને ગોવાળણ તો ઉભી ઉભી સીવાઈ ગઈ !

ધનતેરશનો દિવસ હતો. મહારાજે વંડામાં ગાયોનું વિધિસર પૂજન કર્યું. જોધો આવીને હાથ જોડીને ઊભો રહી ગયો. મહારાજે બધી ગાયોનું ધણ જોધા ને ચરાવવા માટે સોંપ્યું.

દિવાળીનો દિવસ આવ્યો. ઘેર ઘેર આસોપાલવ અને આંબાનાં તોરણો બંધાણાં છે. ચંદનના સુગંધી જળથી દુર્ગપુર ની શેરીઓ સુવાસી રહી છે. ચોકે ચોકે ઈન્દ્રવરણાં ધનુષ્ય જેવી

રંગોળીઓ પૂરેલી જણાય છે. ઘરે ઘરે દીપમાળાઓ ઝગમગી રહી છે.

આવે વખતે મહારાજ ભગુજી ને સાથે લઈ થોડાંક કાઠી રાજવીઓ સંઘાથે માણકી ઉપર સવાર થઈ જોધાની ભેંશુના વંડા તરફ આવી રહ્યા છે. વંડામાં પેસતાં પ્રભુને નિરખી, જોધો ગાંડો-ગાંડો થઈ ગયો.

નાનકડા વંડામાં અધ્ધર બાંધેલા માંચડા ઉપર મહારાજ બિરાજ્યા. મુહૂર્ત બાદ જમ્યા અને તે થાળનો મહાપ્રસાદ જોધાને આપ્યો. સત્સંગદીપના ઉત્સવ સમા દીપાવલી ની શુભ રાત્રિએ જોધાને શ્રી હરિ એ દિવ્ય દર્શનનું સુખ આપ્યું.

થોડાંક દિવસો થયા ત્યાં એક દિવસ જોધાએ આવીને મહારાજને કહ્યું, "આ તમારી ભેશું હવે હું નહિ ચારવા જાઉં."

"કેમ શું થયું ?" મહારાજે પૂછયું. કાં શું ? મોટા મનના મોટીબા (લાડુબા) તો રોજ રોજ ગળ્યું ગળ્યું ખાવાનું આપે છે, ઘી આપે, તસતસતી તાંસળી ભરી દૂધ આપે ! પણ એ બધી વહત હારે મારે આડવેર છે. હું મોટીબા ને કહી શકતો નહોતો. આજ દિ' સુધી. પણ આજ તો ચટ દઈને કહી દીધું."

"શું કીધું ?" જુઓ મોટીબા, મને તો જાડો દગળાં જેવો બાજરાનો રોટલો, કોઠીંબાનું અથાણું અને એક દોણી ભરીને છાશ. એટલું આપશો તો જ ભેશું ચારવા જઈશે. મેં તો એમ કહી વાળ્યું છે ! તમે હવે ફરીવાર કહી દેજો, "ભગવાન ભજવાને ને વળી સવાદ શા ?"

જોધાનું નિઃસ્વાદીપણું, નિર્માની-પણું, ઘર-કુટુંબ તજવામાં નિર્મોહીપણું વિગેરે જોઈ પ્રભુ ખૂબજ રાજી થયા અને બોલ્યા : "વાહ જોધા વાહ !" તું મારો સાચો વૃજવાસી ગોપ !

એમાં શું મહારાજ ! જોધો કાંઈ સારાસારા ધાન ઘસુડવા આવ્યો નથી. હું તો તમને પામવા આવ્યો છું. જોધો તો વટ નો કટકો છે. એમ કાંઈ ખાનપાનમાં વળી લોભાઉં ? તમારું સાંજ સવાર દર્શન કરીએ, તો પણ અમીના ઓડકાર આવે. ભૂખ ને તરસની વાતે ય યાદ ન આવે. તમારા ચરણમાં ફડશ રોટલો અને ખોબો ભરી ખળખળિયા નું પાણી પીવા મળે એટલે બસ, જોધો જગ જીત્યો.

એક અભણ અને અણઘડ એવા જોધા ભરવાડની આવી વાત સાંભળી શ્રી હરિ અતિ પ્રસન્ન થયા. શ્રુતિ સ્મૃતિ નાં થોથાં ઉથલાવી દઈએ તો ય આવી સમજણ ન આવે એવું જ્ઞાન જોધાના મુખેથી સાંભળી, મહારાજ ઊભા થઈ જોધાને બાથમાં લઈ ભેટ્યાં.

ધન્ય છે જોધા ભરવાડને અને ધન્ય છે એની સમજણને !

"स्वश्लघा स्व मुखेन च ।"

(પાના નં ૧૦નું ચાલુ)

આપણે પોષવો ન જોઈએ. **અહમ્ કેન્સરના રોગ જેવો અસાધ્ય રોગ છે.**

ઘણી વખત ગેરસમજ ઊભી થતાં માનવીમાં અમુક ગુરુતાંગ્રંથિ બંધાઈ જાય છે. અને અહમ્ (Ego) નામના દુર્ગુણનો જન્મ થાય છે. આથી તે પોતાની પ્રશંસા કર્યા જ કરે છે. અહમ્ને લીધે કશુંક ગુમાવી રહેવાનો અહેસાસ પણ થાય છે.

મનભેદ એ અહમ્રૂપી સ્વભાવની અથવા તો શંકાશીલ સ્વભાવની નીપજ છે. જ્યારે બે વ્યક્તિનો અહમ્ સામસામે ટકરાય છે ત્યારે જીવનમાં તિરાડ પડતી જાય છે. માટે અહમ્ ભૂલીને નવેસરથી નવી યોજના ઘડીને જીવન વ્યતીત કરવા પ્રયત્ન કરવો જોઈએ. અહમ્ ને ભૂલવાથી આનંદ ચરમ સીમા પર પહોંચે છે.

અહમ્ તેમજ દંભ પણ માનવીને નિમ્ન કક્ષાનો બનાવે છે. અહમ્ મનમાં રાખવાથી પોતાની શાંતિ હણાઈ જાય છે. પોતે એવું વિચારતો રહે છે કે, પોતાનો અહમ્ કેવી રીતે પોષાય ?

જે માનવી અહમ્ રાખતો હોય છે તે સમાજમાં પણ ફેંકાઈ જાય છે. લોકો તેનાથી દૂર રહેવામાં જ શાણપણ માને છે. અભિમાન અને અહંકારથી પતન થાય છે. કોઈને જ્ઞાનનું, કોઈને રૂપનું તો કોઈને ધનનું અભિમાન હોય છે. આથી તે પોતાનાં વખાણ કરતા થાકતો જ નથી. માટે માનવીએ પોતાના 'અહમ્' કે 'હું'ની પાસે ન બેસતાં, પોતાના ઈષ્ટદેવની પાસે બેસી 'હું'ને શ્રીહરિમાં સમર્પિત કરી દેવું. પ્રભુ અંતર્યામી છે. ભક્તજનને વગર માગ્યે પ્રભુ આપ્યે જ જાય છે.

"શરીરમાં 'રોગ'નો પ્રવેશ
માનવીને રોવડાવે છે,
મનમાં 'અહમ્'નો પ્રવેશ
માનવીને રખડાવે છે,
હૃદયમાં 'પ્રશંસા'નો પ્રવેશ
માનવીને હાર ખવડાવે છે."

કળીકાળમાં પરચા પૂરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

– દિનેશભાઈ કે. ભગત (અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ ભગવાને મંદિરોનું નિર્માણ કરાવી શિલ્પ સ્થાપત્યને ઉત્તેજન આપ્યું. સામાન્ય માનવીને સમજાય તેવી સરળ ભાષામાં પોતાનો ઉપદેશ જનકલ્યાણ માટે મૂક્યો. તે 'વચનામૃત'. જે ગુજરાતી ભાષાનો પ્રથમ ગદ્ય ગ્રંથ છે અને આ રીતે મહારાજે ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું છે. સર્વ સત્શાસ્ત્રોનો સાર કાઢી ૨૧૨ શ્લોકની 'શિક્ષાપત્રી' લખી છે. જેનું આચરણ કરવાથી માનવી આ લોકમાં સુખી થાય છે. અને આદર્શ નાગરિક બની રાષ્ટ્ર માટે ગૌરવશાળી વ્યક્તિ બને છે. સમૈયા ઉત્સવોનું આયોજન કરી સત્સંગીઓનું સંગઠન મજબુત બનાવી, સત્સંગને વિશાળ પલક ઉપર મૂક્યો. શ્રીજી મહારાજે પોતાના ભક્ત કવિ સંતોને ભજન-કીર્તનો બનાવવા ઉપદેશ આપ્યો. આ મહાન કવિઓએ જેવા કે સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. પ્રેમાનંદ સ્વામી, સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. દેવાનંદ સ્વામી, સ.ગુ. ભૂમાનંદ સ્વામી અને સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી મુખ્ય છે. તેમણે રચેલાં પદો કીર્તનો આજેય અમર થઈ ગયાં છે. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના રચિત કીર્તનો આજેય જાણીતા ગાયકો આકાશવાણી અને ટી.વી. મારફતે સાંભળી ધન્યતા અનુભવાય છે. સ્વામિનારાયણ ભગવાનમાં અતૂટ શ્રધ્ધા વિશ્વાસ રાખનાર ભક્તોની ભગવાને હરહંમેશ સહાય કરી છે. અને કેટલાય ને પરચા પૂર્યા છે- ચમત્કારો દેખાડ્યાં છે. આવા થોડાક દૃષ્ટાંતો જોઈએ.

(૧) માધવાસના બ્રાહ્મણ શ્રી કૃપારામભાઈ તથા લુણાવાડાના વિપ્ર શ્રી ખુશાલભાઈ વડતાલ મહારાજના દર્શને આવતાં બોરિયાવીની ભાગોળે રસોઈ બનાવી જમ્યા. ત્યાં તળાવમાં વાસણ ધોતાં કૃપારામની થાળી ખોવાઈ ગઈ. મહારાજનાં દર્શન કર્યાં. આ બાજુ ભગવાન સ્વામિનારાયણ બ્રાહ્મણનું રૂપ લઈ એમની માતૃશ્રીને થાળી આપી અને બોલ્યા કે તમારા પુત્રે થાળી મોકલી છે. શ્રીજી મહારાજના દર્શન કરી પોતાને ગામ પાછા ફર્યાં ત્યારે તેમના માતુશ્રીએ કહ્યું કે બ્રાહ્મણ સાથે થાળી શા સારૂ મોકલી ? કૃપારામભાઈએ કહ્યું કે થાળી તો તળાવમાં ખોવાઈ ગઈ હતી. આ તો શ્રીજી મહારાજ વિપ્રરૂપે પધાર્યા !!!

(૨) મેઉ ગામમાં ભૂખણદાસના દીકરાને ત્યાં રૂંઢમૂઢ સંતાન અવતર્યું હતું. આ બાબત શ્રીજી મહારાજને કહી. ભગવાને કહ્યું કે તે બાળકને મારી પાસે લાવો. મહારાજે બાળકને ગોદમાં લીધું. અને કહ્યું કે આને તો બધાજ અંગ છે. આમ કહી બધા જ અંગ તાણી બતાવ્યાં. આમ બાળકના માતાપિતાને પરચો આપ્યો.

(૩) લોયા ગામમાં મહારાજ પાસે સાયલાના શેઠ માણેકચંદ અને લીંબડીના શેઠ તલાશા એવો સંકલ્પ કરી આવ્યા કે જો આપણને મહારાજ સુતરફેણી આપે તો ભગવાન ખરા. મહારાજ અંતર્યામીપણે એમનો સંકલ્પ જાણી ગયા. એટલે તે વખતે એક ભક્તે ખંભાતની સુતરફેણીની માટલી લાવી મહારાજને ભેટ ધરેલી. એ માટલીમાંથી ભગવાને બે ભક્તોને સુરફેણી આપી. તેમના સંકલ્પો પૂર્ણ કર્યાં !!!


(૪) એક વખત શ્રીજી મહારાજ પાંચ સાત ભક્તો સાથે આઘોઈથી કંથકોટ જતા હતા. ત્યાં રાત્રે મિંયાણા લુંટારાઓ મહારાજ તથા અન્યને લૂંટવા આવ્યા. અને મહારાજને જોઈ અલ્લા-ખુદા કહીને પગે લાગ્યા. અને કંથકોટનો માર્ગ બતાવ્યો અને લૂંટી શક્યા નહીં.

(૫) તેરા ગામમાં અર્ધી રાત્રીએ મહારાજે કહ્યું કે અમારે જવું છે. ત્યારે હરિભક્તો બોલ્યા કે મહારાજ ગામના દરવાજા બંધ થઈ ગયા છે. તેથી જવાશે નહી. મહારાજ કહે દરવાજા બંધ હોય તોપણ ચાલ્યા જઈશું. એમ કહીને શ્રીજી મહારાજ ડુંગરજી પાર્ષદ સાથે દરવાજા બંધ હોવા છતાં ચાલી નિકળ્યાં. અને હરિભક્તો મહારાજને વળાવી પાછા આવ્યા અને દંગ થઈ ગયા !!!

(૬) કચ્છ માંડવીમાં અર્ધી રાત્રે મહારાજ કહે અમારે ડોણ જવું છે. ભક્તોએ કહ્યું કે દરવાજા વાસેલા હશે તો નહીં જવાય. મહારાજ ચાર સેવકને લઈને ચાલ્યા. અને દરવાજા સોંસરા ચાલ્યા ગયા. આવું ઐશ્વર્ય જોઈને હરિભક્તો ઘેર ગયા.

અત્યારે હાલમાં કોઈપણ હરિભક્ત કે ભાવિક શ્રધ્ધાળુ અમદાવાદ શ્રીનરનારાયણદેવ અનેજેતલપુર શ્રીરેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પૂનમ પગપાળા ભરવાની બાધા રાખે તો તેના સંકલ્પ ભગવાન આજેય પુરા કરે છે.

આગ્રહ વગરનો અનોખો સંકલ્પ



કોઈ ભગીરથ કાર્યનો સંકલ્પ કે આયોજનનો વિચાર કરીએ તો તેને પરિપૂર્ણ કરવા માટે ધન થી માંડીને ઘણી બધી વસ્તુઓ તથા માનવ-બળની પણ જરૂર પડે. રાત-દિવસ એ સંકલ્પને પૂરો કરવા માટે મથતા રહીએ ત્યારે એ પૂરો થાય.

મોટી હોસ્પિટલ કરવી કે ફાઇવ સ્ટાર હોટલ કરવી કે નામના અને જગત-પ્રશંસા મેળવવા માટે મોટાં મોટાં તોતિંગ મંદિરોની વણઝાર ઊભી કરવી - આ બધું જ થાય છે. પરંતુ તેમાં "ઇકોનોમિક-એક્ટિવિટી" થકી જે તે સંસ્થાનો, પ્રોફેશનલ-પ્રચાર એ જ એક આશય હોય છે. અને અર્થશાસ્ત્રના સિધ્ધાંત મુજબ, જ્યાં જ્યાં છૂપી રીતે પણ "ઇકોનોમિક-એક્ટિવિટી" -આર્થિક અનુમોદન સમાયેલું હોય,જ્યાં મેનેજમેન્ટ ધ્યોરલી પ્રોફેશનલ હોય- ત્યાં ત્યાં જો મંદિરનું લેબલ હોય તો પણ ભગવાન ભજવાનું સુખ ના આવે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે બાળ લાલજી રૂપે સત્સંગ ઉત્થાન માટે પદાર્પણ કર્યું ત્યારથી લઈને તાજેતરમાં પીઠસ્થાનનો તાજ પોતાના ઔરસ પુત્ર શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ને સ્વહસ્તે અર્પણ કરી, ગાદીનશીન કર્યા - એ સમગ્ર ૬૦ વરસની એમની 'સત્સંગ યાત્રા' દરમ્યાન લાખો હરિભક્તોને ઘેર એમણે પધરામણી કરી છે. એ વખતે તો સત્સંગ આટલો ફૂલ્યો ફાલ્યો પણ નહોતો, લોકો પાસે આટલા પૈસા પણ નહોતા. જે ગામમાં પધરામણી હોય ત્યાં બીજા અત્યંત ગરીબ હરિભક્તોનાં નામ ઠેકાણા જાણી, રસ્તામાં એ ઘર આવે ત્યારે ત્યાં વગર નિમંત્રણે સામે ચાલીને પધરામણીએ ગયા છે.

જોધાભરવાડના નેસડામાં કે સગરામ ભગતના કુબામાં શ્રીજી મહારાજ એકલા જઈને દર્શન સુખ આપી આવે ત્યારે એ ભક્તો કેટલાં ભાવવિભોર બન્યાં હતાં. એ ચરિત્રો આપણે સૌ જાણીએ છીએ.

પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજે આ જ રીતે સત્સંગ-પ્રણાલિને જીવનભર જીવંત રાખી છે. એમના આવા અનન્ય પુરુષાર્થથી જ દેશ-વિદેશમાં સત્સંગ આટલો વિકાસને પામ્યો છે. એમનાં પગલાં પડ્યા પછી કંઈક હરિભક્તો સુખિયા થયા છે.

સતત પાંત્રીસ વરસોથી હરિભક્તોના ઘેર પધરામણી કરી, એ દરમિયાન એમનાં ધ્યાનમાં એક વસ્તુ કાયમ નજરમાં આવતી. કઈ ? તો- જ્યાં જ્યાં હરિભક્તો પાસે શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ છે, તેમાં મોટાભાગના હરિભક્તોને એનો

મહિમા જાણે ના હોય તેમ આવી દિવ્ય વસ્તુઓ અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળી છે. શ્રી હરિનાં ચરણારવિંદ હોય તો તેના બે ટૂકડા થયેલાં છે, શ્રીજી મહારાજની શાલ કે કાંબળી હોય તો ઊન કે રૂ ખેંચાઈને કાંણા પડી ગયાં છે, વાસણો છે તે પણ મેલાં ઘેલાં ગોબાવાળા - આવું જ બીજી ઘણી વસ્તુઓનું છે.

શ્રી હરિની દિવ્ય પ્રત્યક્ષ પ્રસાદીની વસ્તુઓના આવા હાલ જોઈ એમને અત્યંત દુઃખ થતું, એટલે મનોમન સંકલ્પ કર્યો કે, "અમારી નિવૃત્તિના સમયમાં અમે એક એવું મ્યુઝિયમ બનાવીશું જેમાં શ્રીજી મહારાજની વપરાશમાં લેવાયેલી પ્રસાદીની વસ્તુઓની વૈજ્ઞાનિક ઢબે જાળવણી થાય અને સમગ્ર સત્સંગને તેનાં દિવ્ય દર્શનનું અલૌકિક સુખ પ્રાપ્ત થાય. એ મ્યુઝિયમ એવું જીવંત લાગે કે એ વસ્તુઓનાં દર્શનની સાથે શ્રી હરિનાં વચનામૃતોનો સંદેશ પણ જગત સમક્ષ પહોંચે."

આ શુભ સંકલ્પ પાછળ તો દર્શન કરનારાનું છેવટે તો કલ્યાણ થશે એ જ એક ભાવના છે. અને કેમ ના થાય ? શ્રી હરિની પ્રત્યક્ષ પ્રસાદીની દિવ્ય વસ્તુઓમાંથી એકાદ વસ્તુનું સ્મરણ પણ જો થશે તોય એ જીવ મોટી પદવીને પામશે." આ વચન તો સ્વયં શ્રી હરિનું છે.

એક હરિભક્ત પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે આવ્યા. કહે, "આ આપે ઘણું સારું કર્યું, નિવૃત્ત થયાં અને આ મ્યુઝિયમ બનાવવાની પ્રવૃત્તિ,નિવૃત્તિમાં સારી શોધી કાઢી !" પૂ. મહારાજશ્રીનો જવાબ હતો, "અમે નિવૃત્તિ માટે આ પ્રવૃત્તિ નથી વિચારી, પરંતુ આ શુભ પ્રવૃત્તિ માટે જ નિવૃત્તિ સ્વીકારી છે."

પ્રદર્શન-મ્યુઝિયમ કેવું હશે તેનો ખરડો તૈયાર થઈ ગયો છે, જેમાં સર્વોપરિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તાક્ષર તથા સહીવાળા પત્રનો પણ એ મ્યુઝિયમમાં સમાવેશ થવાનો છે. ખરડો જોતાંજ એમ લાગે કે આવું અદ્‌ભુત,. આવું અનોખું "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" કદાચ એક અને માત્ર એક જ હશે !

પોતાના પિતાશ્રીનો શુભ સંકલ્પ પરિપૂર્ણ કરવા કટિબધ્ધ વર્તમાન આચાર્ય મહારાજશ્રીના અનન્ય ઉત્સાહ જે આયોજનના પાયામાં છે, તથા સમગ્ર સંપ્રદાયના સંતો, હરિભક્તોની શુભેચ્છાઓ અને સહકારથી જ આ સાકાર થવાનું છે.

ફાગણ સુદ ત્રીજ તા. ૧૩-૩-૨૦૦૫ ના શ્રી નરનારાયણદેવના વાર્ષિક પાટોત્સવના શુભ દિને, સર્વાવતારી શ્રી હરિના ૮માં વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના કોમળ કરકમળો દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ખાત-મુહૂર્ત સમારોહ સંપન્ન થયો.

જ્યાં શ્રી હરિના સ્પર્શને પામેલી વસ્તુઓનો આદર હોય, એની વૈજ્ઞાનિક જાળવણી હોય અને પ્રદર્શનમાં આવનાર હરકોઈ વ્યક્તિના કલ્યાણની ભાવના એમાં વણી લેવામાં આવી હોય ત્યારે આ મ્યુઝિયમની પરિપૂર્ણતા માટે કશો જ સંશય હોઈ શકે નહિ.

શ્રી સ્વામિનારાયણ દ્વિ-શતાબ્દી મહોત્સવથી લઈને ષષ્ઠિપૂર્તિ મહોત્સવ દરમ્યાન ઘણાં બધાં ઉત્સવો, મોટા મોટા સમૈયા કરવામાં આવ્યા. એ બધા જ શ્રીજી મહારાજે જ પૂર્ણ કરેલા. મ્યુઝિયમનો આ સંકલ્પ પણ શ્રીજી મહારાજને રાજી કરવાનો જ છે, એ કાંઈ પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજ કે પૂ. મહારાજશ્રીના પોતાના માટેનો જરાય નથી. સમગ્ર સંપ્રદાય અને સત્સંગ સમાજ માટે આવું એક અદ્વિતીય સંગ્રહસ્થાન ઉભું થાય એ થકી તો સત્સંગની શોભામાં જ અભિવૃધ્ધિ થવાની છે.

આવડા મોટા કાર્યને સંપન્ન કરવા માટે ક્યારેય પૂ. મહારાજશ્રીએ, ક્યાંય કોઈની આગળ ઝોળી ફેલાવી નથી. બસ માત્ર નરનારાયણ દેવને જ પ્રાર્થના કરી છે કે 'હે મહારાજ ! આ તમારું જ કાર્ય છે અને તમારે જ પૂર્ણ કરવાનું છે."

સંવત ૧૮૭૮ ના ફાગણ સુદિ પૂનમના દિવસે શ્રીજી મહારાજે ગઢડામાં ત્રણ-ત્રણ સભાઓ કરેલી. એમાં ત્રીજી સભામાં અર્ધ રાત્રિએ સાધુની જાયગાને વિષે સામે ચાલીને શ્રી હરિ પધાર્યા અને જે બોધ વચન ઉચ્ચારેલાં તે આ પ્રસંગે ખાસ નોંધવા

યોગ્ય છે.

".....આપણે પણ શ્રી નરનારાયણનું મંદિર શ્રી અમદાવાદ નગરને વિષે કરાવ્યું છે અને બીજાં પણ થવાનાં છે, માટે તે નિમિત્તે શ્રધ્ધા વિના કોઈને પ્રેરવું નહિ. ને શ્રી નરનારાયણ દેવની ઈચ્છા હશે તો મંદિર થાશે અને ઈચ્છા નહીં હોય તો નહીં થાય, પણ તે સારું આપણે તો કોઈ પ્રકારે ક્લેશ ના થાય તેમ કરવું, અને સમૈયો આવે ત્યારે જન્માષ્ટમી આદિક ઉત્સવને દિવસે શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને કોઈવાર હજારું ને લાખો રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ થાય, અને કોઈ વાર તુલસીનું પત્ર મૂકીને ઉત્સવ થાય, પણ સહેજે થાય તે ખરું, પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહિ. અને એ નરનારાયણ દેવને પોતાની શ્રધ્ધાએ કરીને ધરતી, ગાડી, ગામ, ગરાસ આપે તે સુખે આપે પણ આપણે કોઈને ગામ, ગરાસ આપે તે સુખે આપે પણ આપણે કોઈને બળાત્કારે પ્રેરવું નહિ." (શ્રી ગ.મ.૨૧)

કેટલી સુંદર પ્રણાલિકા કંડારી છે શ્રી હરિ એ ! શ્રીજી મહારાજે અનેક, ઉત્સવો, અનેક સમૈયા અને ઘણાં મંદિર નિર્માણ નો સંકલ્પ કર્યો અને સર્વે હરિભક્તોએ એ કાર્ય પોતાનું જાણી એ પરિપૂર્ણ કર્યા હતા. મહારાજ કહે ગઢડામાં મંદિર કરવું છે તો તરત જ હરિભક્તો ઊભા થઈને કહે, મહારાજ ! આજથી આ બળદ ગાડું અને અમારાં બે સાંતી મંદિરની સેવા અર્થે કૃષ્ણાર્પણ ! જેને જે યોગ્ય લાગ્યું તેવી સેવા કરી. હા, તુલસી વિપ્ર જેવો કોઈ અભાગિયો જીવ પણ હતો. જેને મહારાજે સામે ચાલીને મનોરથ કરવા જણાવ્યું. પણ ગલ્લાંતલ્લાં કર્યા હતા.

આગ્રહ વગરનો એક અનોખો સંકલ્પ પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો છે. ભગવાનનું ભજન કરવું એ તો ભક્તિ છે જ, પરંતુ વચનામૃતમાં શ્રીજી મહારાજે એમ પણ કહ્યું છે કે, "જે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ પણ ભક્તિ છે." (વ.૧૭)

શ્રીકૃષ્ણભગવાને ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડેલો. ત્યારે ગોવાળિયાઓએ લાકડીઓનો ટેકો કરેલો. એમને જરાક એમ મનમાં થયું, "જોયું ! અમારી લાકડીઓના ટેકાથી આજે ગોવર્ધન પર્વત ઊભો રહ્યો છે !" બસ, શ્રી કૃષ્ણે રમૂજમાં ઘડીક આંગળી ઢીલી કરી તો પર્વત ડોલવા લાગ્યો ! ગોવાળિયાઓ તો ગભરાઈ ગયા ! "રે કનૈયા ! તારી આંગળી છોડીશ નહીં, નહીંતર ગયા કામથી."

સંગ્રહસ્થાનની પરિપૂર્ણતા માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ આપીને ટેકો કરવાનો છે.

આવનારા સત્સંગ જનરેશન માટે આવું ભવ્ય સંગ્રહસ્થાન યોજીને શ્રીજી મહારાજનો મહિમા જીવંત રાખીએ. જે કાંઈ યોગદાન થાય તે કરીએ. ભક્તિ કરવાનો આનાથી સારો બીજો પ્રવૃત્તિમાર્ગ ક્યો હોઈ શકે ? શ્રીજી મહારાજે તો સંકલ્પ પૂર્ણ થાય એ માટે ક્યારનીય આંગળી ઊંચી કરી દીધી છે, આપણે માત્ર ટેકો જ કરવાનો છે.

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.

જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,

નારાયણપુરા અમદાવાદ-૧૩.

અમૃતનું આચમન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા

ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી સ્વામિનારાયણ ભગવાનનું અપર સ્વરૂપ છે, વળી સત્સંગી માત્રના ગુરુ છે. તેઓશ્રીના મુખના આર્શીવચન એટલે સ્વયં સ્વામિનારાયણ ભગવાનના મુખના આશીર્વચન. આ કોઈ કાલ્પનિક કે માન્યતાની વાત નથી. નંદસંતોએ લખેલા શાસ્ત્રોના આધારે આપણે દ્રઢાવ કર્યો છે. શ્રીજી મહારાજ જેવા હોય એ જ શ્રીજી મહારાજે સ્થાપન કરેલી ગાદી પર બિરાજી શકે ને !!!!

તો હવે મહારાજે સ્થાપન કરેલ નરનારાયણદેવ પીઠસ્થાન પર બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના મુખ કમળના થોડા અમૃત વાક્યોનું આચમન કરીએ તા. ૧૫-૧-૦૫ એપ્રોચ (બાપુનગર) મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા ઉપલક્ષમાં વિજય સ્થંભ સ્થાપન તથા શાકોત્સવ પ્રસંગે : મહારાજનો પ્રસંગ છે. આપણે મહારાજને રાજી કરવાના છે એ જ ધ્યેય છે અને રહેવાનો છે. લોયાના શાકોત્સવમાં હરિભક્તોને જે સંકલ્પ થયો તે લઈને સહુ આવ્યા. કોઈ હળવદ, કોઈ મરચુ, ધાણાજીરૂ તો કોઈ ઘી, ગોળ જેવી જેની શ્રધ્ધા તે લઈને સૌ આવ્યા. મહારાજને ચિંતા વધી ગઈ ! આમા સ્વાદ કેવો આવશે ? છતાં દરેકનો ભાવ પુરો કરવા જે આવ્યું તે શાકમાં નાખ્યું. સ્વાદ વાળાને પણ ચિંતા થઈ કે આમા શું નીકળશે ? કારણ કે કોઈને ખાટું, કોઈને ગળચટુ તો કોઈને તીખું ભાવે. પી.પી. સ્વામીએ વાત કરી એ મુજબ જેને જેવો સ્વાદ જોઈતો હતો તેવો સ્વાદ મહારાજના પ્રતાપે કરીને દરેકને આવ્યો.

આ વાત એટલા માટે કરી કે સત્સંગમાં પણ આ વસ્તુ લાગુ પડે છે. જે જેવો સંકલ્પ લઈ સત્સંગમાં આવે છે તેવો ભાવ મહારાજ પૂરો કરે છે. સત્સંગમાં દિવ્ય ભાવવાળાને હરહંમેશ સુખ મળે છે. દ્વેષ ભાવનાથી આવનારને સુખ નથી મળતું. અહોપણું લઈને આવે તેને દેવ, આચાર્ય, સંતનો દરેકનો ગુણ આવે છે. મહારાજે બાંધેલ મર્યાદા પ્રમાણે વર્તે તો કાયમ સુખિયો રહે છે. બધું જ સુખ મહારાજે માંગી લીધેલું છે.

પ્રારંભ આજથી છે. એ માત્ર પૈસાથી નહિ, ઉત્સવ શરીરથી નથી ઉજવાતો, અંતરથી ઉજવાય છે. અને ત્યારે જ આનંદ આવે છે. મહારાજ બિરાજમાન થવાના છે. જીવમાં ભગવાન મળ્યા એનો કેફ વર્તે ત્યારે આનંદ આવે. શરીર તો આવે છે અને જાય છે. ૫૦ શાકોત્સવ થાય કે ૫૦ પારાયણમાં જાય તો પણ ઉગતું નથી. અર્જુનને એક ટકોરમાં ઉતરી ગયું ! તેમણે કેટલી પારાયણ સાંભળી હતી ? વચનામૃત, સત્સંગિજીવન આદિક સત્શાસ્ત્રોનો એક શબ્દ જો જીવમાં ઉતરી જાય તો પણ કામ થઈ જાય છે. કલ્યાણ નામથી નથી થતું. એ નામ જીવમાં અંતર સુધી ઉતરે તેનું કલ્યાણ થાય છે. અહીંનો સત્સંગી નાનામાં નાની સેવામાં હરહંમેશ હાજર હોય છે. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ હોય કે રજત સુવર્ણ જયંતી હોય, ગાર લીંપવાની સેવા હોય કે બીજી કોઈ સેવા હોય, અમે સ્થળ પર આંટો મારતા ત્યારે સેવા જોઈને રાજી થતા. એ સેવા મહારાજ નોંધે છે. મારા હરિભક્તો સત્સંગને માટે સેવા કરે છે. કાયમી સેવા કરતા રહેજો. જેટલું સત્સંગ માટે થશે તે જ આપણી ધન સંપત્તિ છે. શાકોત્સવમાં રીંગણા રોટલાનો મહિમા નથી. પ્રસાદનો મહિમા છે. ભગવાનને ધરાવેલી વસ્તુનો ઓડકાર જૂદો હોય છે. અને હોટલના ભોજનનો ઓડકાર જૂદો હોય છે. હોટલનું ખાય ને પછી એ માણસ ગલ્લે ઊભો રહે છે. પ્રસાદથી અંતઃકરણ શુધ્ધ થાય છે. સહુનું મંગળ શ્રેય કરે એવી આજના દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. પ્રતિષ્ઠા ઉત્સવ નિર્વિઘ્ન થાય એવી પ્રાર્થના.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આ તે કેવી કસોટી !

– શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

કાર્યક્રમનું નામ છે : બુદ્ધિની કસોટી. જે વિદ્યાર્થીઓએ ભાગ લેવો હોય તે લઈ શકે છે. આ કસોટીમાં ફક્ત એક જ સવાલ પૂછાશે. અને એ સવાલનો જવાબ ફક્ત 'હા' અથવા 'ના'માં જ આપવાનો છે. પાંસઠ માર્કની આ કસોટી છે. વારાફરતી સૌએ આવવાનું છે. બધાને એક સરખો જ પ્રશ્ન પૂછાશે. બધા જ સમજી ગયાને ! તો ચાલો, સમય થઈ ગયો છે. સાહેબ આવી ગયા છે.

મોટા હોલમાં ખુરશી પર સાહેબ બેઠા છે અને બાજુમાં પચાસ કિલોનું એક વજનિયું પડેલું છે. અનુક્રમે વિદ્યાર્થીઓ આવવા લાગ્યા અને સૌએ પ્રશ્ન પૂછાવા લાગ્યો, સાહેબ માર્ક મૂકવા લાગ્યા. પાંચસો વિદ્યાર્થીઓ લાઈનમાં છે. પ્રથમ વિદ્યાર્થી આવ્યો તેને પ્રશ્ન પૂછ્યો કે, "જો ભાઈ, આ પચાસ કિલોનું વજન તું ઉપાડી શકીશ કે નહીં ?" વિદ્યાર્થીએ ફટાક દઈને જવાબ આપી દીધો "હા" ઉપાડી શકીશ. એ વિદ્યાર્થીને પાંસઠ માર્ક મળ્યા. વજન ઉપાડવાનું તો હતું જ નહિ, માત્ર જવાબ આપવાનો હતો ! પછી બીજાનો નંબર લાગ્યો. તેને પણ એ જ સવાલ પૂછવામાં આવ્યો અને તેણે પણ જવાબમાં "હા" કહી. તેથી તેને પણ પાંસઠ માર્ક મળ્યા. જેણે જેણે જવાબમાં "હા" પાડી તે બધાને પાંસઠ માર્ક મળ્યા.

મિત્રો હજુ નવાઈની વાત તો હવે આવે છે. કેટલાક વિદ્યાર્થીઓએ જવાબમાં ફટાક દઈને "ના" પાડી દીધી કે મારાથી આટલું વજન નહીં ઉંચકાય. જેણે જેણે "ના" પાડી તેને કેટલા માર્ક મળ્યા હશે ? એ તો બધા નાપાસ જ થયા હશેને ? ના.... ના.... ના.... જો જો એવી ભૂલ ન કરતા ! માટે જ આ કાર્યક્રમનું નામ છે. બુદ્ધિની કસોટી. જેણે જેણે જવાબમાં "ના" કહી તે બધાને પાંત્રીસ માર્ક આપવામાં આવ્યા ! હજુ આટલેથી કસોટી પૂરી થતી નથી. હજુ તો એક આખો વિભાગ બાકી છે.

